સરિત્સહસ્રદુષ્પૂર, સમુદ્રોદરસોદરઃ
તૃપ્તિમાન્નેન્દ્રિયગ્રામો, ભવ તૃપ્તોઽન્તરાત્મના ॥ ૭-૩ ॥

**શબ્દાર્થ:**
સરિત્સહસ્રદુષ્પૂર = સરિત + સહસ્ર + દુષ્પૂર = હજારો નદીઓ વડે ન પુરાઈ શકે એવા, સમુદ્રોદરસોદરઃ = સમુદ્ર + ઉદર + સોદરઃ = સમુદ્રના પેટ સમાન, તૃપ્તોઽન્તરાત્મના = તૃપ્તિમાન + અન્તરાત્મના = અંતરાત્મા વડે તૃપ્ત, ભવ = થા

**શ્લોકાર્થ:**
હજારો નદીઓ વડે ન પૂરી શકાય એવા સમુદ્રના પેટ સમાન ઈન્દ્રિયોનો સમૂહ તૃપ્ત થતો નથી, એમ જાણી હે વત્સ! તું અંતરાત્મા વડે (આત્માની અંદર રહેલા પોતાના ગુણાત્મક સ્વરૂપ વડે) તૃપ્ત થા.

**ભાવાર્થ:**
આ શ્લોકે ઈન્દ્રિયોનો સમૂહ કેવો છે? હજારો નદીઓ વડે પણ ન પૂરી શકાય એવા સમુદ્ર જેવો છે. નદીઓના પાણીના પૂરથી સમુદ્ર ક્યારેય તૃપ્ત ન થાય. ઈન્દ્રિયોનો સમૂહ પણ ભોગોથી અને વિષયોથી ક્યારેય તૃપ્ત થતો નથી.

રાગ અને દ્વેષના અભાવ સ્વરૂપ શમભાવ રાખવાથી અને તૃષ્ણાના ત્યાગરૂપ સંતોષ ગુણ ધારણ કરવાથી જ ઈન્દ્રિયસમૂહ શાંત થાય છે.

હે ભવ્યજીવ! પર એવા પુદ્ગલ દ્રવ્યો વડે અને એના વારંવાર ઉપભોગો વડે ઈન્દ્રિયોને (અને તે દ્વારા જીવને) ક્યારે પણ તૃપ્તિ થવાની નથી. તું કંઈક સમજ.

આત્મામાં રહેલા અનંતગુણાત્મક સ્વ-સ્વરૂપ વડે તું તૃપ્ત થા. સ્વરૂપનું આલંબન લીધા વિના દુઃખોનો ક્ષય ક્યારેય થશે નહીં. માટે પરભાવદશાને છોડ અને સ્વભાવદશાનું આલંબન લે. નિસર્ગ દ્વારા અથવા અધિગમ દ્વારા સ્વસ્વરૂપ અને પરસ્વરૂપનો ભેદ કરીને આત્મા એ ભિન્ન દ્રવ્ય છે, સ્વતંત્ર દ્રવ્ય છે. બાકીનું બધું માયા છે એવો નિર્ણય જીવ કરી શકે છે.

શંકા: નિસર્ગથી સ્વ-સ્વરૂપનો બોધ કેવી રીતે થાય?

સમાધાન: પૂર્વભવોમાં કરેલી આત્મતત્ત્વની સાધનાના બળથી આ ભવમાં કોઈ બાહ્ય નિમિત્ત કે આલંબન વિના, પોતાના આત્મામાં સ્વયં એવો ઉઘાડ થઈ જાય કે શરીર એ પુદ્ગલ દ્રવ્ય છે અને હું ચેતનદ્રવ્ય છું. શરીર વિનાશી છે અને હું અવિનાશી અને અનંતગુણી છું. આમ કોઈ પણ નિમિત્ત વિના, સ્વયં દૃષ્ટિ બદલાય તે નિસર્ગ કહેવાય છે.

શંકા: અધિગમ એટલે શું?

સમાધાન: સદ્ગુરુના બોધથી અથવા કોઈ ઉપકારી પુરુષ સમજાવે ત્યારે આ તત્ત્વ સમજાય. આમ ગુરુના નિમિત્તથી શરીર અને આત્માનું ભેદજ્ઞાન થાય તે અધિગમ કહેવાય છે.

શંકા: અંતરાત્મા કોને કહેવાય?

સમાધાન: સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રવાળો એવો ત્રણ ગુણવાળો આત્મા તે જ શુદ્ધ આત્મા છે. શરીર એ પુદ્ગલ દ્રવ્ય છે જેને અજ્ઞાની આત્મા માની લીધો છે. રાગ-દ્વેષ વિષયવાસના અને કષાયો એ બધા પરભાવો છે. એ વિભાવ-દશા અશુદ્ધ દશા છે. કર્મબંધના કારણભૂત દશા છે. આમ સમજીને બધા ભાવોને પર તરીકે નિર્ણય કરીને સાચી દૃષ્ટિવાળો બને તે જ અંતરાત્મા છે. આવા પ્રકારના ભેદજ્ઞાનવાળા આત્માને અંતરાત્મા કહેવાય છે.

ઈન્દ્રિયજય અષ્ટક - ૭

આત્માનં વિષયૈ: પાશૈ:, ભવવાસ પરાઙ્મુખમ્
ઈન્દ્રિયાણિ નિબધ્નન્તિ, મોહરાજસ્ય કિંકરા: (૭-૪)

<u>શબ્દાર્થ</u>:
કિંકરા: = નોકરો, દાસ, ભવવાસ પરાઙ્મુખમ્ = સંસારવાસથી ઉદ્વિગ્ન થયેલા, આત્માનં = આત્માને, વિષયૈ: = વિષયોરૂપ, પાશૈ: = બંધનો વડે, નિબધ્નન્તિ = બાંધે છે.

<u>શ્લોકાર્થ</u>:
મોહરાજાની નોકર ઈન્દ્રિયો સંસારવાસથી ઉદ્વિગ્ન આત્માને વિષયોરૂપી બંધનોથી બાંધે છે.

<u>ભાવાર્થ</u>: ઈન્દ્રિયો એ મોહરાજાની આજ્ઞાંકિત સેવિકાઓ છે.
આ સેવિકાઓ અનંત જીવો ઉપર પોતાનું રાજ્ય ચલાવે છે. સંસારવાસમાંથી (ભવવાસમાંથી) છટકવા ઈચ્છતા આ જીવને ઈન્દ્રિયો તે જીવના ભવવાસને અતિશય દૃઢ કરે છે, મજબૂત કરે છે. જીવ ભવવાસમાંથી જરાપણ છટકી શકતો નથી.

સ્થૂલપણે પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો અને ઉત્તરભેદ રૂપે ત્રેવીશ (23) વિષયો રૂપી પાશ (જાળ) વડે મજબૂત બંધનથી બાંધે છે.

અહીં વિષયોને પાશની - બંધનની ઉપમા આપી છે.
આ વિષયો મોહરાજાના સેવકો છે. ઈન્દ્રિયો આભ્યંતર સાધન છે અને વિષયો બાહ્ય સાધન છે. પરંતુ બંને મોહરાજાના કિંકર (નોકર) છે.

- <u>શંકા</u>: ઈન્દ્રિયો, આત્માને વિષયોરૂપી બંધનોથી કેવી રીતે બાંધે?

**સમાધાન** : બીજાના કેટલાક ઉદાહરણોથી સમજીએ.

ઈન્દ્રિયો આદેશ આપે છે કે :-

- હે જીવ, મારા શરીરને બરાબર સાચવ. જો શરીર સારુ હશે તો ધર્મ પણ સારી રીતે કરી શકશો. ફસાયેલા જીવને આ સલાહ સારી લાગે છે.
- હે જીવ ! તું તપસ્યા કર પણ પારણામાં દહીં-દૂધ, રાબડી, કાજુ, બદામ, પીસ્તા વગર વાપરે તો કેમ ચાલશે ? માલ મસાલા ખાવાનું છૂટી શકે નહિ. જીવ-ભાઈ ભરમાઈ જાય છે.
- હે જીવ ! તું જ્ઞાની છે. તારે બાહ્ય તપની જરૂર નથી. શરીર સાચવ, તપ ઓછો કર તો તારો પ્રભાવ પડશે. સરળ જીવને આ સલાહ ગમે છે.

આ રીતે જીવ મોહના બંધનમાં બંધાતો જાય છે. માટે સંસારમાંથી મુક્ત થવાની ઈચ્છાવાળા આત્માએ ઈન્દ્રિયોના વિષયોથી ખૂબ જ સાવધાન રહેવાની જરૂર છે.

**શંકા** : પાંચ ઈન્દ્રિયોના ૨૩ ઉત્તરભેદો કયા છે ?

**સમાધાન** :

સ્પર્શના આઠ ભેદ: શીત, ઉષ્ણ, રૂક્ષ, સ્નિગ્ધ, મૃદુ, કઠોર, ભારે, હલકો

રસના પાંચ ભેદ: ખાટો, મીઠો, તીખો, તુરો, કડવો

ગંધના બે ભેદ: સુગંધ, દુર્ગંધ

વર્ણના પાંચ ભેદ: લાલ, સફેદ, નીલો, પીળો, કાળો

શબ્દના ત્રણ ભેદ: સચિત્ત, અચિત્ત અને મિશ્ર

ગિરિમૃત્સ્નાં ધનં પશ્યન્, ધાવતીન્દ્રિયમોહિતઃ
અનાદિનિધનં જ્ઞાનં, ધનં પાર્શ્વે ન પશ્યતિ [૭-૫]

શબ્દાર્થ:
ઈન્દ્રિયમોહિતઃ = ઈન્દ્રિયોના વિષયોમાં મોહિત થયેલો
ગિરિમૃત્સ્નાં = પર્વતની માટીને, ધનં = ધનરૂપે, પશ્યન્ = જોતો
ધાવતિ = દોડે છે, પાર્શ્વે = પાસે રહેલા, અનાદિનિધનં = અનાદિ અનંત,
જ્ઞાનં ધનં = જ્ઞાન રૂપ ધનને, ન પશ્યતિ = જોતો નથી.

શ્લોકાર્થ:
ઈન્દ્રિયોના વિષયોમાં મૂઢ થયેલો જીવ પર્વતની માટીને (સોના, રૂપા વગેરેને) ધન રૂપે જોતો ચારે તરફ દોડે છે, પણ પાસે રહેલા અનાદિ અનંતના જ્ઞાન ધનને જોતો નથી.

ભાવાર્થ:
સોનું-રૂપું-હીરા વગેરે કિંમતી ધાતુઓ પર્વતની ખાણોમાં થાય છે. આ બધા પૃથ્વીકાયના શરીરો છે. માટી, પત્થર, રેતી પણ પૃથ્વીકાય જીવોના જ શરીરો છે. તેથી ઉપર જણાવેલ સર્વ વસ્તુઓ પર્વતનું જ અંગ હોવાથી પર્વતની માટી જ કહેવાય છે.

મોહમાં મૂઢ બનેલો સંસારી જીવ પર્વતની માટીને લેવા માટે દોડાદોડી કરી રહ્યો છે. તેમાંથી મેળવેલા ધન દ્વારા પાંચ ઈન્દ્રિયોના વિષયસુખના સાધનો મેળવે છે અને તેના દ્વારા જીવ ભોગ સુખો માણીને પોતાના જીવનની સફળતા માની લે છે. આ પરદ્રવ્ય છે, મારું દ્રવ્ય નથી.

મારી સાથે આવ્યું નહિ અને મારી સાથે આવવાનું નહિ. મોહ અને વિકાર કરાવવા દ્વારા કર્મબંધનનું જ સાધન બને છે. આમ આ જીવ સમજતો નહિ અને જડ વસ્તુને ધન માનીને તેની પાછળ દોડે છે.

પોતાના ગુણાત્મક એવા જ્ઞાનધનને આ જીવ દેખતો જ નથી. આ જ્ઞાનધન આત્માનો ગુણ હોવાથી આત્માની પાસે જ છે. ભવાન્તરમાં મેળવેલું જ્ઞાન બીજા ભવમાં સાથે પણ આવી શકે છે. ત્રણ જ્ઞાન સાથે પરમાત્મા દેવલોકથી ચ્યવીને મનુષ્યભવમાં આવે છે તથા કેવલજ્ઞાનરૂપી પ્રગટ થયેલું જ્ઞાનધન કોઈ કાળે નાશ પામતું નથી.

મોહાંધ બનેલો આત્મા જ્ઞાનધનને આ અમૂલ્ય ધન છે એમ જોતો નથી. મોહના ઉદયની પરવશતાથી જીવની આ દશા છે.

આ જીવ નાશ ન પામે એવા ધનનો ધન સમજતો નથી અને નાશ પામે તેવા ધનને ધન માનીને તેની પાછળ દોડે છે

જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી જરા પણ ઈન્દ્રિયપરવશ ~~[illegible]~~ બની શકાય નહિ. સતત જાગૃતિ અને સતત જ્ઞાનધનની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનો છે.

પુરઃ પુરઃ સ્ફુરત્તૃષ્ણા, મૃગતૃષ્ણાનુકારિષુ
ઇન્દ્રિયાર્થેષુ ધાવન્તિ, ત્યક્ત્વા જ્ઞાનામૃતં જડાઃ

૭ - ૬

શબ્દાર્થ:

પુરઃ પુરઃ સ્ફુરત્તૃષ્ણા = આગળ આગળ વધતી જતી તૃષ્ણા
જડાઃ = મૂર્ખ, અજ્ઞાની, જ્ઞાનામૃતં = જ્ઞાનરૂપ અમૃતને
ત્યક્ત્વા = છોડીને, મૃગતૃષ્ણાનુકારિષુ = ઝાંઝવાના જળ જેવા
ઇન્દ્રિયાર્થેષુ = ઇન્દ્રિયોના વિષયોમાં, ધાવન્તિ = દોડે છે.

શ્લોકાર્થ:

આગળ આગળ વધતી જતી તૃષ્ણા જેઓની છે, એવા મૂર્ખ જનો જ્ઞાનરૂપ અમૃતને છોડી ઝાંઝવાના જળસમાન ઇન્દ્રિયોના વિષયોમાં દોડે છે.

ભાવાર્થ:

પાંચે ઇન્દ્રિયોના વિષયો એવા છે કે જેમ જેમ વિષયની પ્રાપ્તિ થાય છે તેમ તેમ તે તે વિષયની તૃષ્ણા વધે છે. ક્યારેક વિષય પ્રાપ્ત થતાં થોડોક વખત આનંદ થાય તો પણ પ્રાપ્ત ન થયેલા વિષયની પ્રાપ્તિ માટેની તૃષ્ણાથી જીવ સદા અતૃપ્ત અને દુઃખી રહે છે. ખરેખર આકાશની જેમ અનંતી છે, માટે જ તૃષ્ણા ઝાંઝવાના જળની તુલ્ય છે. જેમ જેમ આગળ જશો તેમ તેમ ઝાંઝવાનું જળ આગળ ને આગળ વધતું જાય છે. તેવી રીતે તૃષ્ણા પણ આગળ આગળ વધતી જ જાય છે.

મૂર્ખ મનુષ્યો જ્ઞાનરૂપી અમૃતને છોડીને મિથ્યા સુખનો ભ્રમ કરાવનારા પાંચે ઇન્દ્રિયોના વિષયોની પાછળ દોડે છે.

ઇન્દ્રિયજય અષ્ટક: ૭ — શ્લોક-૭

પતંગભૃંગમીનેભ, સારંગા યાન્તિ દુર્દશામ્
એકૈકેન્દ્રિયદોષાચ્ચેદ્ દુષ્ટૈસ્તૈ: કિં ન પઞ્ચભિ: (૭-૭)

શબ્દાર્થ:
ચેદ્ = જો, પતંગભૃંગમીનેભ = પતંગ + ભૃંગ + મીન + ઇભ = પતંગિયા, ભ્રમર, માછલા, હાથી, સારંગા = હરણ
એકૈકેન્દ્રિયદોષાદ્ = એક એક ઇન્દ્રિયના દોષથી, દુર્દશાં = માઠી દશાને, યાન્તિ = પામે છે, દુષ્ટૈ: તૈ: પઞ્ચભિ: = દોષવાળી તે પાંચ ઇન્દ્રિયો વડે, કિં ન = શું ન થાય ?

શ્લોકાર્થ:
જો પતંગિયા, ભ્રમર, માછલા, હાથી અને હરણ એક એક ઇન્દ્રિયના દોષથી મરણરૂપ માઠી દશાને પામે છે, તો દોષવાળી પાંચેય ઇન્દ્રિયો વડે શું ન થાય ?

ભાવાર્થ:
એક એક ઇન્દ્રિયના વિષયમાં આસક્ત બનેલા જીવો પણ દુઃખ જ પામે છે તો પાંચે ઇન્દ્રિયોમાં જે આસક્ત બને છે તે જીવનું શું થાય ?

પતંગિયાને દીવાની જ્યોતનું રૂપ બહુ જ ગમે છે. તેની આસપાસ નાચે છે, ઘૂમે છે. ચક્ષુ ઇન્દ્રિય દ્વારા ઉત્પન્ન થયેલી પ્રીતિ પર પતંગિયું જ્યોતને આલિંગન આપે છે, અને દીવામાં જ બળી જાય છે, અને મૃત્યુને ભેટે છે.

ભમરો ગંધમાં આસક્ત બનીને કમળમાં ઊંડો પ્રવેશે છે. સંધ્યાકાળે સૂર્ય આથમતા કમળ બિડાઈ જાય છે અને ભ્રમર અંદર પૂરાઈને મૃત્યુને શરણ થાય છે.

માછલી પકડવા માટે, માછીમારે નાંખેલી જાળમાં રાખેલા માંસના <u>રસાસ્વાદ</u>માં આસક્ત થઈ જાળમાં ફસાય છે. અંતે મૃત્યુને શરણ થઈ માછીમારનો ખોરાક બને છે.

હાથી <u>સ્પર્શેન્દ્રિય</u>માં આસક્ત થઈને પકડાય છે. હાથીને ફસાવવા લાંબો-પહોળો અને ઊંડો ખાડો કરવામાં આવે છે તેમાં બનાવટી હાથણીને રાખવામાં આવે છે. તેના ઉપર સ્પર્શસુખની આસક્તિથી હાથી ખાડામાં પડે છે, અને બહાર નીકળવાની જગ્યા ન રહેતા, પકડનારાના હાથમાં ફસાય છે.

સારંગ એટલે હરણ. વાંસળી (Flute)ના મધુર સ્વરનું <u>શ્રવણ કરવાના</u> શોખીન હરણીયાને, ઝૂપાઈને ઊભેલા શિકારીના તીર (બાણ)ના ભોગ બનવું પડે છે.

આ જીવોને તો એક એક ઇન્દ્રિયની પરવશતા હોય છે. જ્યારે મનુષ્ય તો પાંચેય ઇન્દ્રિયોને પરવશ હોય છે.

વિવેકદ્વીપહર્યક્ષૈઃ, સમાધિધનતસ્કરૈઃ।
ઈન્દ્રિયૈર્યો ન જિતોઽસૌ, ધીરાણાં ધુરિ ગણ્યતે॥ [૭-૮]

શબ્દાર્થ:
વિવેકદ્વીપહર્યક્ષૈઃ = વિવેક + દ્વીપ + હરિ + અક્ષૈઃ = વિવેકરૂપી હાથી (દ્વીપ)ને હણવાને સિંહ (હરિ) સમાન, સમાધિધનતસ્કરૈઃ = સમાધિરૂપ ધનને લૂંટવા ચોરના જેવી, ઈન્દ્રિયૈઃ = ઈન્દ્રિયો વડે, યઃ = જે, ન જિતઃ = જિતાયો નથી, અસૌ = તે, ધીરાણાં = ધીર પુરુષોમાં ધુરિ = મુખ્ય, ગણ્યતે = ગણાય છે.

શ્લોકાર્થ:
વિવેકરૂપ હાથીને હણવા માટે સિંહ સમાન અને નિર્વિકલ્પ ધ્યાનરૂપ સમાધિ ધનને લૂંટવા ચોરરૂપ ઈન્દ્રિયોવડે જે (મહાત્મા) જિતાયો નથી, તે ધીર પુરુષોમાં મુખ્ય ગણાય છે.

ભાવાર્થ:
ચપળ ઈન્દ્રિયો સંસારી જીવોને વિષયોમાં આસક્ત કરાવી, લલચાવી, આત્માના ગુણરૂપી ધનનો નાશ કરે છે. આ વાત બે ઉપમાઓ દ્વારા સમજાવે છે.

(૧) જેમ જંગલમાં ફરતા હાથીને સિંહ મારી નાંખે છે, તેમ ભવમાં જે કંઈ વિવેકદશા ખીલી હોય છે તેનો નાશ કરવામાં પાંચે ઈન્દ્રિયો સિંહ જેવી છે.

વિવેકદશા એટલે સ્વ-પરનું ભેદજ્ઞાન. શરીર તે હું નથી, હું પૌદ્ગલિક પદાર્થોથી જુદો છું. અનંતગુણી આત્મા એ જ હું છું, બાકીનું બધું જ <u>પર</u> છે. આ ભવમાં આવ્યા પછી પ્રાપ્ત કર્યું છે અને અહીં જ રહેવાનું છે. આવો વિવેક-ભેદજ્ઞાન જીવને મોક્ષ તરફ લઈ જાય છે.

ઈન્દ્રિયજય અષ્ટક

પરંતુ વિષય માટે થતી આસક્તિ આ વિવેકનો નાશ કરે છે. જેમ સિંહ હાથીનો નાશ કરે છે તેમ ઈન્દ્રિયો વિવેકબુદ્ધિનો નાશ કરે છે. વિવેક બુદ્ધિ તે જ હાથી છે અને ઈન્દ્રિયો સિંહ છે.

(૨) ચોર જેમ ધન લુંટી લે છે તેમ પાંચે ઈન્દ્રિયો આત્મામાં રહેલી સમાધિ (સમતાગુણ) ને લુંટી લે છે. સમાધિરૂપ ધનને હરણ કરવામાં ચોરસમાન આ ઈન્દ્રિયો છે. વિષયોની આસક્તિ જીવને આકુલ-વ્યાકુલ કરે છે તેથી સમતા ચાલી જાય છે.

ટૂંકમાં ઈન્દ્રિયોને ગમતા વિષયોમાં ન જવા દો. જ્યારે વિષયો સામે આવે ત્યારે એના સામે જોવાની ફુરસદ જ ઈન્દ્રિયોને ન હોય.. એને સહારો આપવાનો મનને રસ જ ન હોય... ત્યારે તમે વિજેતા અને સ્વાશ્રયી.